# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-09-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

-----------------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# REV. DAY PM - SEVA YATRA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કહ્યું કે સેવા એ જીવનનો મુખ્ય હેતુ હોવો જોઈએ અને દરેક વ્યક્તિમાં સહજ હોવી જોઈએ. તેમણે કહ્યું કે રાજકારણમાં પણ ભલે કોઈ વ્યક્તિ ઉચ્ચતમ પદ પર પહોંચે, સેવા એ માર્ગદર્શક સિદ્ધાંત રહેવો જોઈએ, શ્રી મોદીએ વડનગરથી વારાણસી સુધીની યાત્રા પર મુસાફરી કરી રહેલા સેવા યાત્રીઓ સાથે વર્ચ્યુઅલ વાર્તચીત દરમિયાન આ વાત કહી.

(BYTE : PM-MODI-SEVA)

શ્રી મોદીએ કહ્યું કે, સેવા એ સૌથી મોટી પ્રેરક શક્તિ છે. તેમણે કહ્યું કે, જ્યારે સેવાની ભાવના હોય છે, ત્યારે જ ચાર કરોડ ગરીબોને કાયમી ઘર મળે છે. તેમણે કહ્યું કે, 2047 સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ કરવામાં યુવાનોની મુખ્ય ભૂમિકાને દરેક વ્યક્તિએ જોરશોરથી આગળ વધારવી જોઈએ. વાતચીત દરમિયાન, સેવા યાત્રીઓએ પ્રધાનમંત્રી સમક્ષ પોતાના અનુભવો વ્યક્ત કર્યા. તેમણે કહ્યું કે તેઓએ અભિયાનના ભાગરૂપે છોડ વાવ્યા અને સ્વચ્છતા અભિયાન ચલાવ્યું.

# AMD CM PATEL INAUGURATION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દરેક વિકાસકાર્યોમાં ગુણવત્તા જાળવવા તેમજ આપણી આસપાસની જગ્યાઓમાં સ્વચ્છતાને પ્રાધાન્ય આપવા અનુરોધ કર્યો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જનસેવાના 25 વર્ષની ઉજવણી અંતર્ગત અમદાવાદ મહાનગરપાલિકાના 584 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા બાદ જાહેરસભાને સંબોધતા શ્રી પટેલે આ વાત કહી. તેમણે કહ્યું, મજબૂત નાણાકીય વ્યવસ્થાપન અને સુદ્રઢ આયોજનના કારણે ગુજરાત વિકાસની હરોળમાં આગળ છે.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

આ પ્રસંગે શ્રી પટેલે વાડજ જંક્શન ખાતે નવનિર્મિત ચારમાર્ગીય ફ્લાયઓવર બ્રિજનું લોકાર્પણ કર્યું. સાથે જ તેમની ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ પુનઃવસન પામેલા પરિવારો માટે આવાસ અને દુકાનોના ડ્રૉ સંપન્ન થયા. ઉપરાંત શ્રી પટેલે મહાનગરપાલિકાના ઇજનેર ખાતામાં સહાયક ટૅકનિકલ સુપરવાઈઝર તથા વિવિધ વિભાગમાં જૂનિયર ક્લર્ક તરીકે પસંદગી પામેલા ઉમેદવારોને નિમણૂકપત્ર એનાયત કર્યા.

# RAJKOT DEATH

રાજકોટના કુવાડવા-વાંકાનેર રોડ પર નજીક જળાશયમાં ડૂબી જતા ત્રણના લોકોના મોત નીપજયાં છે. ગણેશજીની પ્રતિમા પધરાવવા ગયેલા પિતા-પુત્ર સહિત 3 લોકો અંદાજે 20થી 22 ફૂટ જેટલા ઊંડા પાણીમાં અચાનક ગરકાવ થઈ ગયા હતા. ઘટનાને પગલે સ્થળ પર પહોંચીને ફાયર બ્રિગેડના જવાનોએ પાણીમાં શોધખોળ હાથ ધરી. ત્યારે ભારે જહેમત બાદ ત્રણેય વ્યક્તિઓને બહાર કાઢવામાં આવ્યા હતા. જોકે, તેમને બહાર કાઢતા સુધીમાં ત્રણેયના મોત થઈ ચૂક્યા હતા.

# AMBAJI MELO

શક્તિપીઠ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળાનો આજે પાંચમો દિવસ છે. ત્યારે મંદિરમાં ભક્તોની ભીડ ઉમટી રહી છે. છેલ્લા ચાર દિવસમાં 27 લાખથી વધુ ભક્તોએ માતાજીના દર્શન કર્યા. દૂર દૂરથી ભક્તો મોટી સંખ્યામાં અંબાજી આવી રહ્યા છે. 26 સપ્ટેમ્બર સુધી ચાલનાર આ મેળામાં 40 લાખ કરતાં વધુ ભક્તો આવવાની સંભાવના છે.

# POLICE SALUTE

ગાંધીનગર સ્થિત પોલીસ ભવન ખાતે 'વી સેલ્યુટ અવર મેન્ટર્સ' કાર્યક્રમ યોજાયો. જેમાં પોતાનુ સંપૂર્ણ જીવન સમર્પિત કરી પોલીસના ગૌરવમાં વધારો કરનાર 30થી વધુ ડીજીપી અને એડીજીપી રેન્કના નિવૃત્ત પોલીસ અધિકારીઓનું સન્માન કરાયું. કાર્યક્રમમાં રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે જણાવ્યું હતું કે, કોઈપણ પોલીસ અધિકારીની સમગ્ર કારકિર્દીમાં પ્રોબેશન અને તાલીમનો ગાળો પાયારૂપ હોય છે; તે સમયે મેન્ટર્સ પાસેથી મળેલી શીખ અને સંસ્કારો જ અધિકારીની આગળની તમામ સફળતાનું ચાલકબળ બને છે.

(BYTE : G S MALIK, DGP)

સાબરકાંઠાના હિંમતનગર ખાતેના પોતાના પ્રોબેશન સમયગાળાનો ઉલ્લેખ કરતા શ્રી મલિકે વરિષ્ઠ અધિકારી શ્રી પ્રિયદર્શી અને શ્રી પી. બી. ગોંડિયાના યોગદાનને વિશેષ રૂપે બિરદાવ્યું હતું.

# MAHESANA – PAK KHARIDI

મહેસાણામાં મગફળી, મગ, અડદ અને સોયાબીનની લઘુતમ ટેકાના ભાવે ખરીદી માટે આગામી 9 ઓકટોબર સુધી ઓનલાઈન નોંધણી થઈ શકશે. ઇ-ગ્રામ કેન્દ્ર ખાતે હાલ વિનામૂલ્યે ચાલી રહેલી નોંધણી માટે ખેડૂતોએ 7 બાર અને 8અ, તલાટીનો દાખલો, આધાર કાર્ડ અને બેન્ક ખાતાની વિગતની સાથે મોબાઈલ નંબર આપવો પડશે.